KCG-Portal of Journals

Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Social Science - ISSN : 2279-0268

Continuous Issue-33| October – November 2018

# સ્વરોજગારી સાથે જોડાયેલા કુટુંબોનો આર્થિક અભ્યાસ (ડાંગ જિલ્લાના સંદર્ભમાં)

**પ્રસ્તાવના :**

હાલના બદલાતા સમયમાં ઔદ્યોગિક વિકાસના અનેક કાર્યક્રમો છત્તા કામદારોના વ્યવસાય વર્ગીકરણમાં કોઈ ફેરફાર થયેલા જોવા મળતા નથી. નવાનવા ઉપકરણો અને અવનવી ટેક્નોલોજીઓ અસ્તિત્વમાં આવી રહી છે છત્તા માનવીની અમાર્યાદિત જરૂરિયાતો સંતોષવા માટેના સાધનો ખૂટતા જ જાય છે. વિકાસ માટેના અથાક અને અનેક પ્રયાશો છત્તા ગરીબી અને બેરીજ્ગારીની સમસ્યાઓ દુર કરી શકાયી નથી, તેમજ આપણા કૃષિ પ્રધાન કહેવાતા દેશમાં બિન કૃષિક્ષેત્રનું અસ્તિત્વ ખુબમોટા પ્રમાણમાં જોવા મળી રહ્યું છે. વિકાશની આંધળી દોડમાં મુખ્યત્વે કુદરતી સંસાધનનો ઉપયોગ ખુબજ મોટા પ્રમાણમાં થતો જોવા મળે છે. જે પછી જાહેર તંત્ર દ્વારા હોઈ કે ખાનગી તંત્ર, આ બંન્ને પરિબળો કુદરતી સંસાધનો પર આધાર રાખી વિકાસના પગલા આગળ ધપવાની હિમ્મત કરે છે. અને તેમની સામે અવરોધ બનતા પરિબળોમાં ગરીબી અને બેકારી તે મુખ્ય બે સમસ્યાઓ છે. જેમના નિવારણ માટે જે તે રાજ્ય અને માનવી પોતે પણ પોતાની પરિસ્થિતિમાં સુધારા લાવવાના પ્રયત્નો કરે છે. અને તેના માટે તે કુદરતી સંસાધનોનો ઉપભોગ કરે છે જે પ્રત્યક્ષ રીતે હોઈ અથવા પરોક્ષ રીતે તેનો ઉપભોગ કરવામાં આવે છે. જેના કારણે સ્વરોજગારીના પ્રશ્નો ઉભા થવા લાગ્યા છે. અને આવી સ્વરોજગારીઓ એટલે નાના મોટા ગૃહ ઉદ્યોગોનો સમાવેશ પણ સ્વરોજગારીનો એક અંગ ગણી શકાય.

માનવી પોતાની આર્થિક પરિસ્થિતિને હમેશાં ઉચ્ચ સ્તરે લઇ જવાની કોશિશ કરતો રહ્યો છે જેના માટે તે અન્યનો સહારો લઇ અથવા કોઈના સહારા વગર પણ અથાક પ્રયત્નો કરતો રહે છે. જેમનું એક કાર્ય એટલે ગૃહ ઉદ્યોગ, ગૃહ ઉદ્યોગના કારણે ગ્રામ્ય વિસ્તાર સ્વાવલંબી થવા પામ્યો છે. પોતાની વપરાશી વસ્તુઓ પોતાના ગામ અથવા પોતાના વિસ્તારમાંથી મેળવવી તે પણ ગ્રામ સ્વરાજનો એક ભાગ ગણાવી શકાય અને દરેક ગામડાઓ પોતાની જીવન જરૂરિયાતની મોટાભાગની વસ્તુઓનું પોતે ઉત્પાદન કરે તેનાથી વિશેષ વિકાસ કયો કહી શકાય? ગામડાઓના આવા નાના ગૃહ ઉદ્યોગોના સહયોગથી દેશની રાષ્ટ્રીય આવકમાં વધારો કરી શકાય છે. અને તેના આર્થિક માળખામાં પરીવર્તન લાવી શકાય, માટે ગૃહ ઉદ્યોગો એ વ્યાપારનું એક મહત્વનું અંગ ગણાવી શકાય.

## ભારતના ગૃહ ઉદ્યોગો અંગે સ્વતંત્રતા પહેલાની સ્થિતિ.

આજ થી ૩૦૦ વર્ષ પહેલા અંગ્રેજો વેપાર કરવાના બહાને ભારતમાં 'ઈસ્ટ ઇન્ડિયા કંપની' નાં નેજા હેઠળ આવ્યા હતા. ધીમે ધીમે તેઓએ દેશમાં રાજ્યશાસન જીતી લીધું અને સમગ્ર દેશમાં સત્તા હાંસલ કરી. આ ૨૫૦ વર્ષના સમયગાળામાં ભારતમાં ૮૦% વસ્તી ગામડામાં વસ્તી હતી. તેમાંથી ૭૦% ખેતી અને તેના સાથે સંકળાયેલા વ્યવસાય સાથે જોડાયેલ હતી અને બાકીની કામ કરતી વસ્તી ગૃહ ઉદ્યોગ સાથે જોડાયેલ હતી. આ

સમયે આપણા દેશમાં વિવિધ પ્રકારનાં અનેક ગૃહ ઉદ્યોગ ચાલતા હતા જેમકે કાપડ ઉદ્યોગ , વાંસ ઉદ્યોગ, હસ્તકલા કારીગરી ઉદ્યોગ, પથ્થર ઉદ્યોગ વગેરે ઉદ્યોગ ચાલતા હતા. ગામડામાં કાપડ, પગરખા, તેલ ઘાણી, સુથારી, લુહારી, દરજી કામ, વૈદ કામ વગેરે અનેક નાના-મોટા ગૃહ ઉદ્યોગો ચાલતા હતા. લોકોને રોજી રોટી અપાવતા હતા. ઢાકાનાં વણકરોની હોશિયારી અતિશય તીવ્ર હતી. તેને લીધે કાપડનો આખો તાકો દિવાસળીનાં એક ખોખા માંથી પસાર થતો હતો. આવું ઝીણું કાંતવાનું કામ એ લોકો કરતા હતા.

૨૫૦ વર્ષ જેટલો સમયગાળો અંગ્રેજોએ આ દેશમાં ગાળ્યો. આથી કાચો માલ ઇગ્લેન્ડ લઈ જવો અને ત્યાંથી તૈયાર માલ લાવીને અહી વેચવો એટલે કે આપણા ગૃહ ઉદ્યોગોમાં તૈયાર થયેલી વસ્તુઓનું વેચાણ ઘટવા લાગ્યું અને તેને લીધે આપણા ગૃહ ઉદ્યોગો તૂટી પડ્યા આમ ઈગ્લેન્ડમાં થયેલી ઔદ્યોગિક ક્રાંતિને પરિણામે કાચો માલ ભારતમાંથી જાય અને તૈયાર માલ ભારતમાં વેચાણ માટે આવે. તેથી આપણાં ગૃહ ઉદ્યોગો ટકી શક્યા નહી. આમ ૨૫૦ વર્ષના અગ્રેજોના શાસનકાળ દરમિયાન ભારતના ગૃહ ઉદ્યોગો વધુ તુટ્યા અને તેના લીધે સામાન્ય માણસની આર્થિક સ્થિતિ વધારે કથળી.*(પ્રો રતિલાલ. જે. પટેલ)*

**ભારતના ગૃહ ઉદ્યોગો અંગે સ્વતંત્રતા પછીની સ્થિતી.**

૧૯૪૭માં ભારતને આઝાદી મળી ૧૯૫૧થી ભારતે આયોજન માર્ગ અપનાવ્યો. પહેલી પંચવર્ષીય યોજનાથી ગૃહ ઉદ્યોગોના વિકાસ માટે અલગ અલગ નિગમની રચના કરવામાં આવી. આમતો ૧૯૪૭ માં આઝાદી સમયે “ગૃહ ઉદ્યોગ નિગમની સ્થાપના કરવામાં આવી હતી. પણ પ્રથમ પંચવર્ષીય યોજનામાં આ બોર્ડને વિખેરી નાખી ત્રણ નવા નિગમની રચના કરવામાં આવી જે આ મુજબ છે.

(૧) અખિલ ભારત હસ્તકલા નિગમ.

(૨) અખિલ ભારત ખાદી અને ગ્રામોધોગ નિગમ.

(૩) નાના ઉદ્યોગ નિગમ.

ત્યાર પછી જુદી-જુદી પંચવર્ષીય યોજનાઓમાં વિવિધ નવી યોજનાઓ દાખલ કરવામાં આવી, અને ૧૯૭૯માં ‘જિલ્લા ઉદ્યોગ કેન્દ્રોનો કાયક્રમ અમલમાં મુકવામાં આવ્યો અને આમ છતા ભારતમાં હજુ પણ ગૃહ ઉદ્યોગોની સ્થિતિ જોઈએ એટલી સારી નથી તેને સુધારવા માટેના પ્રયત્નો ૨૧ મી સદીના બીજા દાયકામાં પણ ચાલુ છે.

**સંશોધન પ્રશ્ન** :

સમગ્ર ગુજરાત રાજ્યની અંદર જ્યાં સૌથી વધારે કુદરતી સંસાધનોનું અસ્તિત્વ જોવા મળે તેવા ડાંગ જિલ્લામાં, કે જ્યાં વર્ષનો સૌથી વધુ વરસાદ વરસતો હોય તેવા વિસ્તારમાં શા ? માટે બિન કૃષિક્ષેત્રનું અસ્તિત્વ જોવા મળ્યું છે અને જ્યાં કુદરતી સંસાધન આધારિત સ્વરોજગારી જોવા મળી છે. તેનું કેટલું મહત્વ છે તે અંગેના કારણો જાણવા આ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે.

**અભ્યાસનું ક્ષેત્ર :**

હાથ ધરવામાં આવેલ અભ્યાસમાં ડાંગ જિલ્લામાં કાર્યરત કુદરતી સંસાધન આધારિત ગૃહ ઉદ્યોગો જેવા કે વાસકમ, જડીબુટ્ટી ઉદ્યોગ, માટીકામ, મધ ઉત્પાદન, ઈંટકામ, કાથાની દોરી બનાવી, પથ્થરકામ, હસ્તકલા ઉદ્યોગ, મત્સ્ય ઉદ્યોગ અને ચામડા ઉદ્યોગ જેવા કુદરતી સંસાધનો માંથી જેનો ઉપયોગ સીધીરીતે કરવામાં આવે છે. તેમાંથી ખાસ કરીને વાસકામ સાથે સંકળાયેલ કુટુંબો કે જેઓ વાસકામ માથી સ્વરોજગારી સર્જીને આજીવિકા મેળવતા કુટુંબોને પસંદ કરવામાં આવ્યા છે.

**ડાંગ જિલ્લાનો પરિચય :**

ગુજરાત રાજ્યમાં ગાઢ જંગલ ધરાવતો એક માત્ર જિલ્લો તરીકે ડાંગ ઓળખવામાં આવે છે. જ્યાં કુલ ૩૧૧ ગામો આવેલ છે. કુલ ત્રણ તાલુકાઓ અનુક્રમે આહવા, વઘઈ અને સુબીર આવેલ છે. ડાંગ જિલ્લામાં ૧૯૫૧ માં ૪૭,૨૮૨ કુલ વસ્તી, ૧૯૬૧ માં ૭૧,૫૫૪ કુલ વસ્તી, ૧૯૮૧ માં ૧,૧૩,૬૬૪ કુલ વસ્તી, ૧૯૯૧ માં ૧,૪૪,૦૯૧ કુલ વસ્તી ૧,૮૬,૭૨૯ કુલ વસ્તી અને ૨૦૧૧ ની વસ્તી ગણતરી પ્રમાણે ૨,૨૬,૭૬૯ કુલ વસ્તી નોધાયેલ છે. તેમાંથી ૨૦૧૧ ની કુલ વસ્તી માંથી (પુરુષ ૧.૧૨,૯૭૨ અને સ્ત્રી ૧,૧૩,૭૯૩) અને અન્ય ૦૪ ની વસ્તી જોવા મળી છે. સામાજિક આર્થિક મોજણી ૨૦૧૨ મુજબ ડાંગ જિલ્લાની વસ્તી ૨,૫૩,૩૫૩ છે. લગભગ ૩૦,૦૦૦ લોકો દર વર્ષે મેં, સપ્ટેમ્બર દરમિયાન શેરડીમાં કટીગં અને દ્રાક્ષ યાર્ડમાં રોજગારી માટે નજીકના અલગ અલગ જગ્યાએ સ્થળાંતરિત થાય છે. જિલ્લા કક્ષા રાજ્યમાં વિસ્તારની દ્રષ્ટિએ ૨૫ માં ક્રમે આવે છે.

**અભ્યાસના હેતુઓ :**

(૧) સ્વરોજગારી માંથી મળતા ઉત્પાદન અને વેચાણની સ્થિતિનો અભ્યાસ કરવો.

(૨) સ્વરોજગારી સાથે જોડાયેલ કુટુંબની આર્થિક પરિસ્થિતિનો અભ્યાસ કરવો.

**સંસોધન પદ્ધતિ અને માહિતીનું એકત્રીકરણ :**

હાથ ધરવામાં આવેલ સંસોધનકાર્ય દરમિયાન ખાસ કરીને પ્રાથમિક માહિતી અને દ્રિતીય માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેની અંદર નિદર્શ પસંદગી તરીકે ડાંગ જિલલાના કુલ ૩૧૧ ગામડાઓ માંથી વાસકામ સાથે સંકળાયેલા ૬૮૦ પરિવારો માંથી ૧૫ ટકા લેખે કુલ ૧૦૨ કુટુંબોની પસંદગી કરવામાં આવી છે. અને તેમના પાસેથી પ્રાથમિક માહિતી મેળવવામાં આવી છે. તેમજ દ્રિતીય માહિતીના ભાગ રૂપે MSME ના રીપોર્ટ જિલલા ગૃહ ઉદ્યોગની માહિતી અને અન્ય દસ્તાવેજી માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**ડાંગ જિલ્લાનાં ઔદ્યોગિક માળખામાં ગૃહ ઉદ્યોગોનો દરરજો :**

ડાંગ જીલ્લાનાં સુબીર તાલુકામાં આવેલા વાસકામ કરતા કુટુંબો તેમના કાર્ય કુશળતાનાં આધારે જુદા જુદા જૂથોમાં વહેચવામાં આવ્યા છે. આ જૂથો પોતાની આવડતનાં આધારે જુદી જુદી વસ્તુનાં ઉત્પાદનથી અલગ તરી આવતા જોવા મળે છે. તેઓને પાંચ જૂથોમાં વહેચવામાં આવ્યા છે, જેવા કે કોટવાડીયા જૂથ, વ્યવસાયલક્ષી

સાધનો ઉત્પાદન કરતુ જૂથ, વાસનાં મોટા સાધનો બનાવનાર જૂથ, અનાજ રાખવાના વાસણો અને ઘરવપરાશના સાધનો ઉત્પાદન કરતુ જૂથ તેમજ અન્ય જૂથ જેમાં રમકડા અને વાજિંત્રો બનાવનાર જૂથનો સમાવેશ થઇ છે.

આ બધા જૂથોને ઉત્પાદન માંથી મળતી આવક અને ઉત્પાદન પાછળ કરવામાં આવતા ખર્ચની વાત કરીએ તો તમામ જૂથો માંથી ૨૦.૫૮ ટકા કુટુંબો એવા પ્રકારની વસ્તુઓનું ઉત્પાદન કરે છે, કે જે વસ્તુની માંગ રાષ્ટીય બજારમાં વધારે જોવા મળે છે પરંતુ તેમણે રાષ્ટ્રીય બજારમાં તેમની ઉત્પાદિત વસ્તુને સારું વળતર મળતું નથી જેથી તેમની આવક અને સ્થાનિક બજારમાં વસ્તુ વેચાણ કરતા કુટુંબોની આવક વચ્ચે તફાવતો જોવા મળે છે, કરણ કે સ્થાનિક બજારમાં વસ્તુનું ઉત્પાદન પ્રમાણ ઓછુ હોવા છતા તેમણે વળતર સારું મળે છે.

**ઉત્પાદન અને વેચાણની સ્થિતિનો ખ્યાલ** :

ઉત્પાદન અને વેચાણની સ્થિતિનો ખ્યાલ મેળવવા માટે ઉત્પાદન અને બજાર વ્યવસ્થાનો ખ્યાલ સમજવા ખૂબ જરૂરી છે. આ અભ્યાસમાં પસંદ કરાયેલ કુટુંબો માંથી ૭૯.૪૧ ટકા કુટુંબો પોતાની ઉત્પાદિત વસ્તુના વેચાણ માટે સ્થાનિક બજારોનો સહારો લેય છે. જયારે ૨૦.૫૮ ટકા કુટુંબો પોતાની ઉત્પાદિત વસ્તુના વેચાણ રાષ્ટ્રીય બજારમાં કરે છે, તેનાં માટે તેઓ મોટા વેપારીઓ અને કોન્ટ્રકટરોની મદદ લેતા જોવા મળ્યાં છે. પરંતુ સ્થાનિક બજારમાં વસ્તુઓના ભાવો સારા મળે છે જયારે રાષ્ટ્રીય બજારમાં વસ્તુઓના ખૂબ ઓછા ભાવો જોવા મળ્યાં છે.

**સ્વરોજગારીમાં કાચામાલની વ્યવસ્થા** :

ડાંગ જિલ્લામાં સુબીર તાલુકાનાં પસંદ કરાયેલ વાસકામ કરતા કુટુંબો કાચામાલ માટે પોતાની ગામની નજીક આવેલ જંગલો પર અને જંગલની ગૌણ પેદાશ પર આધાર રાખતા જોવા મળ્યાં છે. તેમજ જંગલખાતા તરફથી ફાળવવામાં આવેલ જે તે ગામના જંગલ માંથી કાચો માલ મેળવી શકે છે, અને જે લોકો આ જંગલનો ઉપભોગ કરે છે તેના બદલામાં જંગલને વળતર આપવા માટે જંગલખાતા તંત્ર અને વાસકામ કરતા કુટુંબો સાથે મળીને જંગલમાં વાસનાં વાનો ઉભા કરવા માટે વાસનાં રોપા રોપવામાં આવે છે.

**ગૃહ ઉદ્યોગ સાથે જોડાયેલા કુટુંબની આર્થિક પરિસ્થિતિ** :

કોઈ પણ કુટબની આર્થિક પરિસ્થિતિનો ખ્યાલ મેળવવા માટે કુટુંબની આવક, ખર્ચ અને બચતનો અભ્યાસ કરવો આવશ્યક બંને છે. સુબીર તાલુકાના વાસકામ કરતા કુટુંબો માંથી જે ત્રણ જૂથો એવા પ્રકારની વસ્તુઓનું ઉત્પાદન કરે છે. જેની માંગ સ્થાનિક બજારમાં મોટા પ્રમાણમાં છે અને તેઓનું સરેરાશ ઉત્પાદન પણ ખૂબ ઓછુ જોવા મળે છે, તેમ છતા તેઓની આવક રાષ્ટ્રીય બજારમાં વસ્તુઓ વેચનાર કુટુંબોની સરખામણીમાં કોઈ મોટા તફાવતો જોવા મળતા નથી, પરંતુ સ્થાનિક બજારમાં વસ્તુ વેચાણ કરતા કુટુંબોની બચતમાં નાના મોટા તફાવતો જોઈ શકાય છે. એકંદરે બધાજ કુટુંબોની સરેરાશ માસિક આવક ૩૫૩૬.૭૬ રૂ. અને સરેરાશ ખર્ચ ૨૬૦૫.૮૮ રૂ. તેમજ સરેરાશ બચત ૯૩૦.૮૮ રૂ. જોવા મળે છે. જેના પરથી કહી શકાય કે પસંદગી પામેલ કુટુંબો સ્વરોજગારી સાથે જોડાયેલ હોવા છતા ગરીબી અને રોજગારીમાં કોઈ મોટા તફાવતો કે સુધારા આવેલ જોવા મળ્યાં નથી.

**સુચનો** : વાસકામ કરતા તમામ કુટુંબો માટે સરકાર તરફથી યોગ્ય બજાર વ્યવસ્થા પુરી પાડવામાં આવે અથવા તેમના દ્વારા ઉત્પાદિત કરવામાં આવેલ વસ્તુઓને યોગ્ય વળતર મળી રહે તેવી વ્યવસ્થા પુરી પાડવા

માટે આયોજન કરવું જરૂરી છે. તેમજ આ સ્વરોજગારી સાથે જોડાયેલા કુટંબોને કાચામાલ મેળવવા માટે ઘણી સમસ્યાનો સામનો કરવો પડે છે જે દૂર કરવા માટે પ્રયત્નો કરવા જોઇએ.

## સંદર્ભ સૂચી


I. https://gu.wikipedia.org/wiki/ડાંગ_જિલ્લો (Time: 04:12 pm 20-04-2017)

II. પાઠક ચંદ્રકાંત (૧૯૯૧). “નાના મોટા ઉદ્યોગ માટેનો સથવારો”, કીસાન સંમેલન, ગૃહ ઉદ્યોગ વિભાગ ગુજરાત.


**************************************************************************************************


**અક્ષયભાઈ કાસુભાઈ બાગુલ**

M.PHIL વિદ્યાર્થી

**અર્થશાસ્ત્ર વિભાગ**

**મહાદેવદેસાઈ સમાજ સેવા સંકુલ**

**ગૂજરાત વિદ્યાપીઠ**

**અમદાવાદ**


Copyright © 2012 – 2018 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat